સુરત રેલવે સ્ટેશન પર મોટી દુર્ઘટના ટળી

# બાંદ્રા-હરિદ્વાર એક્સપ્રેસના કોચમાં શોર્ટ સર્કિટ



**B-5 કોચની MCB પેનલમાં સર્જાયું શોર્ટ સર્કિટ**

**સુરત સ્ટેશન પર તંત્ર એલર્ટ, કોઈ જાનહાનિ નહીં**

સુરતઃ પશ્ચિમ રેલવેના સુરત રેલવે સ્ટેશન પર બુધવારે સમયસર સતર્કતા દાખવવામાં આવતા એક મોટી સંભવિત રેલ દુર્ઘટના ટળી ગઈ હતી. બાંદ્રા ટર્મિનસ-હરિદ્વાર એક્સપ્રેસ (ટ્રેન નંબર 22917) ના B-5 કોચમાં વડોદરાથી આગળ વધ્યા બાદ એમસીબી (મિનિએચર સર્કિટ બ્રેકર) પેનલમાં શોર્ટ સર્કિટની ઘટના સામે આવી હતી. સ્થિતિની ગંભીરતાને જોતા રેલવે સત્તાધીશોએ મુસાફરોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને સુરત સ્ટેશન પર જ સંબંધિત કોચને બદલવાનો મહત્વનો નિર્ણય લીધો હતો. ટ્રેન સાંજે 4:48 કલાકે સુરત સ્ટેશન પહોંચી હતી. જ્યાં ટેકનિકલ ટીમે કોચનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું અને મુસાફરોની સલામતી સુનિશ્ચિત કર્યા બાદ B-5 કોચને ટ્રેનમાંથી હટાવી તેની જગ્યાએ નવો કોચ જોડવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રક્રિયાના કારણે ટ્રેન તેના નિર્ધારિત સમય કરતા મોડી એટલે કે સાંજે 6:24 કલાકે સુરતથી આગળના ગંતવ્ય સ્થાન માટે રવાના થઈ હતી.

### રેલવે તંત્ર દ્વારા મુસાફરો માટે કરાઈ વિશેષ વ્યવસ્થા

મુસાફરોને કોઈ પણ પ્રકારની હાલાકી ન ભોગવવી પડે તે માટે રેલવે પ્રશાસન દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. 15 લાઇસન્સધારક રેલવે સહાયકો (કુલી) એ મુસાફરોનો સામાન કોઈપણ ચાર્જ લીધા વિના જૂના કોચમાંથી નવા કોચમાં પહોંચાડવામાં મદદ કરી હતી. સ્ટેશન પર સતત પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ દ્વારા જાહેરાતો કરવામાં આવી રહી હતી, જેથી મુસાફરોને સમગ્ર સ્થિતિ અને આગળની પ્રક્રિયાની સાચી માહિતી મળતી રહે.

### તમામ વિભાગોના સંકલનથી સ્થિતિ કાબૂમાં આવી

આ ઘટના દરમિયાન સ્ટેશન ડાયરેક્ટર, સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ, CCMI, ડેપ્યુટી સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ (કોમર્શિયલ), ત્રણ ટિકિટ ચેકિંગ સ્ટાફ અને રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) ના સબ-ઇન્સ્પેક્ટર સહિત પાંચ જવાનો ઘટનાસ્થળે હાજર રહ્યા હતા. તમામ વિભાગોએ પરસ્પર તાલમેલ સાથે કામગીરી કરી હતી. રેલવેના સત્તાવાર નિવેદન અનુસાર, આ ઘટનામાં કોઈ મુસાફર ઈજાગ્રસ્ત થયો નથી, તેમજ ટ્રેનમાં ધુમાડો ફેલાવવાની કે અન્ય કોઈ અપ્રિય ઘટના ઘટી નથી.

### શું છે MCB પેનલ અને શા માટે જોખમ હતું?

એમસીબી (મિનિએચર સર્કિટ બ્રેકર) પેનલ એ રેલવે કોચની ઇલેક્ટ્રિકલ સિસ્ટમનું એક અત્યંત મહત્વપૂર્ણ સુરક્ષા ઉપકરણ છે. તેનું મુખ્ય કામ શોર્ટ સર્કિટ કે ઓવરલોડ થવાની સ્થિતિમાં પાવર સપ્લાયને તાત્કાલિક રોકવાનું છે, જેથી વાયરિંગ અને અન્ય ઉપકરણોને નુકસાન ન થાય. જો કે, જો એમસીબી પેનલમાં જ શોર્ટ સર્કિટ થાય, તો ભારે ગરમી, તણખા કે ધુમાડો થઈ શકે છે. જો સમયસર તેના પર કાબૂ મેળવવામાં ન આવે તો આગ લાગવાનું મોટું જોખમ ઊભું થાય છે. આવા સમયે રેલવે અધિકારીઓ દ્વારા તાત્કાલિક કોચ બદલવાનો નિર્ણય સંભવિત જોખમને ટાળવામાં માસ્ટરસ્ટ્રોક સાબિત થયો હતો.

# બિનખેતી જમીનના પ્રોપર્ટી કાર્ડ બનશે, નમૂના નં.7 બંધ કરાશે

**મહેસૂલ વિભાગનો મોટો નિર્ણય, પહેલા પ્રોપર્ટી કાર્ડનું નમૂના નં.7 સાથે મેપિંગ કરાશે અને બાદમાં તેને બંધ કરવાનો નિર્ણય કરાશે**

ગાંધીનગરઃ રાજ્યમાં હવેથી બિનખેતી થયેલા સર્વે નંબરના ગામ નમૂના નંબર-૭ ના આધારે પ્રોપર્ટી કાર્ડ બનાવવામાં આવશે તેમજ બનેલા પ્રોપર્ટી કાર્ડનું ગા.ન.નં.-૭ સાથે મેપિંગ કરીને પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ગામ નમૂના નંબર-૭ ને સત્તાવાર રીતે બંધ કરવામાં આવશે અને પ્રોપર્ટી કાર્ડને સંપૂર્ણપણે અદ્યતન (Update) કરવામાં આવશે.

મહેસૂલ વિભાગના નાયબ સચિવ (સ્ટેમ્પ) ડી. બી. નિમાવતની સહીથી જારી કરાયેલા આ આદેશમાં આ નવી નીતિ હેઠળ કામગીરીને સરળતાથી પૂર્ણ કરવા માટે મુખ્યત્વે ત્રણ પ્રકારની કાર્યપદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે. જેમાં પ્રથમ પ્રકાર હેઠળ, જો બિનખેતી થયેલા સર્વે નંબરના ગા.ન.નં.-૭ ચાલુ હોય અને પ્રોપર્ટી કાર્ડ પણ બનેલું હોય, તો બંનેનું મેપિંગ કરી ક્ષેત્રફળ વેરિફાય કર્યા બાદ સક્ષમ સત્તાધિકારીની મંજૂરીથી ગા.ન.નં.-૭ બંધ કરીને ફેરફાર નોંધ દાખલ કરવામાં આવશે.

આ પ્રક્રિયામાં વન ટુ વન પ્રોપર્ટી કાર્ડ, રી-સર્વેમાં વધ-ઘટના કિસ્સા તેમજ ટી.પી. સ્કીમના આખરી પ્લોટ સહિતના ૪ અલગ-અલગ પ્રકારના કિસ્સાઓ ધ્યાને લેવાશે. બીજા પ્રકાર હેઠળ, જ્યાં ગા.ન.નં.-૭ ના આધારે નવું પ્રોપર્ટી કાર્ડ બનાવવાનું બાકી હોય, ત્યાં CSIS સોફ્ટવેરમાં "VF-7 ડેટા આધારે નવા પ્રોપર્ટીકાર્ડ બનાવવા" મોડ્યુલ હેઠળ ડેટા એન્ટ્રી કરી, ક્ષેત્રફળની ચકાસણી કરીને નવું પ્રોપર્ટી કાર્ડ બનાવી મેપિંગ કરવાની સઘન કાર્યવાહી હાથ ધરાશે.

જ્યારે ત્રીજા પ્રકાર હેઠળ, જે કિસ્સાઓમાં ગા.ન.નં.-૭ અગાઉથી બંધ હોય અને પ્રોપર્ટી કાર્ડ બનેલ હોય પરંતુ તે અદ્યતન ન હોય, તો ધારણકર્તાના નામ કે અન્ય હક્કની વિગતો સિટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ અથવા ઇન્સ્પેક્ટર લેન્ડ રેકોર્ડ્સના હુકમથી અપડેટ કરવામાં આવશે. પ્લોટવાઇઝ કે બહુમાળી મિલકતોના કિસ્સામાં લે-આઉટ પ્લાન મુજબ આખરી ક્ષેત્રફળ ગણવાનું રહેશે.

આ વિગતો AnyROR પોર્ટલ પર ઉપલબ્ધ કરાવાશે, જ્યાં જઈને નાગરિકો "બિનખેતી હુકમથી બંધ થયેલ સર્વે નંબરની વિગતો જાણવા" ના ઓપ્શન હેઠળ જીલ્લો, સિટી સર્વે કચેરી, વોર્ડ, શીટ નંબર અને ક્ષેત્રફળ જેવી તમામ માહિતી ઓનલાઈન જોઈ શકશે.આ તમામ સૂચનાઓનો રાજ્યમાં તાત્કાલિક અસરથી અમલ શરૂ કરી દેવા આદેશ અપાયો છે.

# ઉપરવાસમાં સરેરાશ 2.69 ઇંચ વરસાદ છતાં ઉકાઈમાં પાણીની આવક નથી

**ડેમના વિસ્તારમાં કુલ 3500 મીમી વરસાદ પડી ચૂક્યો, હવે વધુ વરસાદમાં આવક થવાની સંભાવના**

સુરતઃ ઉકાઈ ડેમના ઉપરવાસ વિસ્તારમાં જૂન મહિનામાં સરેરાશ 2.69 ઇંચ જેટલો વરસાદ નોંધાયો હોવાનું જણાવાયું છે. કુલ મળીને આશરે 3,500 મીમી વરસાદ પડ્યો હોવા છતાં ડેમમાં હજુ સુધી નોંધપાત્ર પાણીની આવક શરૂ થઈ નથી.

હવે આગામી દિવસોમાં ઉપરવાસમાં વધુ વરસાદ થાય તો ડેમમાં પાણીની આવક વધવાની શક્યતા છે. ઉપરવાસમાં જુન મહિનામાં ટેસ્કામાં 103 મીમી, ચીકલધરામાં 93 મીમી, લખપુરીમાં 105 મીમી, કુરાનખેડામાં 130 મીમી, ગોપાલખેડામાં 109 મીમી, અકોલામાં 55 મીમી, દેડતલાઈમાં 182 મીમી, વાનખેડમાં 45 મીમી, લુહારામાં 105 મીમી, યેરલીમાં 81 મીમી, નવાથામાં 193 મીમી, સેલગાવમાં 147 મીમી, બુરહાનપુરમાં 204 મીમી, ગીરનામાં 113 મીમી, દહીગાવમાં 96 મીમી, ધુલિયામાં 55 મીમી, શીંદખેડામાં 67 મીમી, સાયગાવમાં 117 મીમી, ચાંદપુરમાં 75 મીમી, સાગબારામાં 147 મીમી, દુસખેડામાં 77 મીમી, બમ્બરૂલામાં 80 મીમી, નરાણેમાં 74 મીમી, માલપુરમાં 74 મીમી, ઉકાઈમાં 75 મીમી, કાકડીમ્બામાં 52 મીમી વરસાદ જૂન મહિનામાં નોંધાયો છે.

**સૌથી વધુ વરસાદ પડ્યો તે વિસ્તાર**

| | | |
|---|---|---|
| દેડતલાઈ - | 281.80 મીમી | (11.09 ઈંચ) |
| નવાથા - | 248.80 મીમી | (9.80 ઈંચ) |
| બુરહાનપુર - | 205.60 મીમી | (8.09 ઈંચ) |
| સાગબારા - | 147.00 મીમી | (5.79 ઈંચ) |
| સેલગાવ - | 147.00 મીમી | (5.79 ઈંચ) |

**હજી આ વિસ્તારોમાં વરસાદ જ પડ્યો નથી**

પ્રકાશા, સહાદા, અક્કલકુવા, તલોદા, નારણપુર, રૂમકી તળાવ, કુકરમુંડા, બોરડા

# પાવરગ્રીડની લાઈન ઉદ્યોગકારોને કારણે બદલાઈ, ખેડૂત સમાજે આક્ષેપ કર્યો

**લાઈનના રૂટમાં અચાનક ફેરફાર કરાતા ખેડૂતોમાં રોષ, ખેડૂત સમાજે કલેક્ટરને આવેદનપત્ર આપી ભ્રષ્ટાચારની તપાસની માંગ કરી**

સુરતઃ સુરત જિલ્લામાં ગુજરાત પાવરગ્રીડ ટ્રાન્સમિશન લિમિટેડ દ્વારા હાઈ ટેન્શન પાવર લાઈનના થાંભલા સ્થાપિત કરવાની કામગીરીમાં એક વર્ષ બાદ અગાઉ મંજૂર કરાયેલા રૂટમાં ફેરફાર કરીને હાઈ ટેન્શન પાવર લાઈનનો નવો રૂટ નક્કી કરવામાં આવ્યો છે અને અગાઉ જે ખેડૂતોને નોટિસ આપવામાં આવી હતી તેમના બદલે અન્ય 6 ખેડૂતોને તા.25/06/2026 નાં રોજ નોટિસો આપવામાં આવી રહી છે. આ ઘટનાથી ખેડૂતોમાં ભારે અસંતોષ અને શંકાનું વાતાવરણ સર્જાયું છે.

ખેડૂતોનો આક્ષેપ છે કે એક વખત કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ અને સુનાવણી યોજાઈ ગયા બાદ જમીન બિનખેતી થઇ ગઈ અને અચાનક રૂટમાં ફેરફાર કરવાની જરૂરિયાત શું ઊભી થઈ તે અંગે કોઈ પારદર્શક કારણ જાહેર કરવામાં આવ્યું નથી. રૂટમાં કરવામાં આવેલા આ ફેરફાર પાછળ કોઈ પ્રભાવશાળી વ્યક્તિઓ, જમીન માલિકો અથવા હિતગ્રાહી તત્વોને લાભ પહોંચાડવા માટે દબાણ કરવામાં આવ્યું હોવાની તથા મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાની ખેડૂતોમાં ગંભીર શંકા વ્યાપી રહી છે. ખેડૂત સમાજ ગુજરાત દ્વારા આ સમગ્ર મામલે તા.30/06/2026 નાં રોજ જિલ્લા કલેક્ટરશ્રી, સુરત સમક્ષ રજૂઆત કરીને માંગ કરવામાં આવી છે.

ખેડૂત અને સહકારી આગેવાન દર્શનભાઈ નાયક,ખેડૂત સમાજના આગેવાન અને સુમુલ ડેરીના માજી ડિરેક્ટર જયેશભાઈ પટેલ,દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલ,સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ પરિમલભાઈ પટેલ સહીત અસરગ્રસ્ત ખેડૂતોએ કલેકટર સમક્ષ રૂબરૂ અને લેખિત રજૂઆત કરી છે કે, રૂટ બદલવા માટે કયા અધિકારી અથવા સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી તેની વિગતો જાહેર કરવામાં આવે.રૂટમાં ફેરફાર પાછળ કોઈ વ્યક્તિગત, રાજકીય અથવા આર્થિક હિતો સંકળાયેલા છે કે કેમ તેની ઉચ્ચ સ્તરીય તપાસ કરવામાં આવે.સમગ્ર પ્રક્રિયામાં થયેલા નિર્ણયોની ફાઈલ નોંધ, ટેક્નિકલ રિપોર્ટ અને મંજૂરીઓ જાહેર કરવામાં આવે.તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી વિવાદાસ્પદ રૂટ પરની કામગીરી તાત્કાલિક સ્થગિત કરવામાં આવે.

# વડોદરામાં વાઈબ્રન્ટ ગુજરાતમાં 3.34 લાખ કરોડના MOU થયા

**વાઈબ્રન્ટ ગુજરાત માત્ર રોકાણ આકર્ષવાનો કાર્યક્રમ નથી પણ સ્થાનિક ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે લઈ જવાનું પ્લેટફોર્મ છેઃ મુખ્યમંત્રી**

ગાંધીનગરઃ મધ્ય ગુજરાત પ્રદેશ માટે આયોજિત બે દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) નું વડોદરામાં ભવ્ય સમાપન થયું હતું. 'રિજિનલ એસ્પિરેશન - ગ્લોબલ એમ્બિશન'''ની થીમ હેઠળ યોજાયેલી આ ચોથી પ્રાદેશિક કોન્ફરન્સમાં 3 લાખ 34 હજાર કરોડથી વધુના સંભવિત મૂડીરોકાણ સાથે કુલ 3,759 MoU પર હસ્તાક્ષર થયા હતા,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઈન્ક્લુઝિવ ડેવલપમેન્ટ, વોકલ ફોર લોકલ-લોકલ ટુ ગ્લોબલ અને બેલેન્સ્ડ ગ્રોથના વિઝનને ગુજરાતે VGRC દ્વારા સાકાર કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ આપવા માટે 8 નવી સ્માર્ટ જીઆઈડીસી સ્થાપવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. ખેડાના મહિજ, સરખેજ, મહિસા અને અંઘાડી, અમદાવાદના માંડલ, પંચમહાલના નદીસર, છોટાઉદેપુરના ઉંડવા અને ભાવનગરના મોણપુર ખાતે કુલ 3,611 એકર વિસ્તારમાં નવા સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ્સ વિકસાવવામાં આવશે. કોન્ફરન્સના પ્રારંભ સત્રમાં કેન્દ્રીય ઊર્જા મંત્રી મનોહરલાલ ખટ્ટરે ગુજરાતને રોકાણ માટે દેશનું સૌથી વિશ્વસનીય રાજ્ય ગણાવ્યું હતું. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ પાર્ટનરશિપ અને ઈનોવેશનનું પ્રતિક બની ગયું છે. સમાપન સમારોહને સંબોધતા કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, ગુજરાત ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે દેશનું અગ્રણી હબ બનવાની તમામ ક્ષમતા ધરાવે છે.

છેલ્લા 12 વર્ષમાં ક્યારે અતિવૃષ્ટિ તો ક્યારે દુકાળની સ્થિતિ

# જૂન માસમાં વરસાદનો અલગ જ મિજાજ ૨૦૨૬ અત્યાર સુધી સૌથી સૂકું વર્ષ રહ્યું

**2025માં સામાન્ય વરસાદના 42.25 ટકા સાથે સૌથી વધુ વરસાદ નોંધાયો હતો,જ્યારે 2016 બાદ 2026માં સૌથી ઓછો વરસાદ નોંધાયો**

સુરતઃ સુરતમાં જૂન મહિનાનો વરસાદ વર્ષ પ્રમાણે ભારે વધઘટ દર્શાવે છે. ક્યાંક ચોમાસાની ધમાકેદાર શરૂઆત થાય છે તો ક્યાંક વરસાદ માટે જુલાઈની રાહ જોવી પડે છે. ચાલુ વર્ષે પણ હવે સૌની નજર જુલાઈ મહિનાના વરસાદ પર રહેશે. સુરત શહેરમાં છેલ્લા ૧૨ વર્ષ દરમિયાન જૂન મહિનામાં નોંધાયેલા વરસાદના આંકડાઓનું વિશ્લેષણ કરીએ તો ચોમાસાની શરૂઆત વર્ષ દર વર્ષ એકસરખી રહી નથી. ક્યાંક જૂન મહિનામાં જ ભારે વરસાદ વરસ્યો છે તો ક્યાંક ચોમાસાની શરૂઆત નબળી રહી છે. વર્ષ ૨૦૧૫થી ૨૦૨૬ સુધીના આંકડા દર્શાવે છે કે જૂન મહિનામાં વરસાદની માત્રામાં ભારે અસમાનતા જોવા મળી છે. ખાસ કરીને વર્ષ ૨૦૨૫માં જૂન મહિનામાં સૌથી વધુ ૬૧૦ મી.મી. (સામાન્ય વરસાદના ૪૨.૨૫ ટકા) વરસાદ નોંધાયો હતો, જ્યારે ચાલુ વર્ષ ૨૦૨૬માં ૩૦ જૂન સુધી માત્ર ૮૬ મી.મી. (૫.૬૭ ટકા) વરસાદ નોંધાતા તે છેલ્લા ૧૨ વર્ષમાં બીજા ક્રમે સૌથી ઓછો રહ્યો છે. આંકડાઓ મુજબ વર્ષ ૨૦૧૬માં માત્ર ૬૨ મી.મી. (૪.૪૯ ટકા) વરસાદ નોંધાયો હતો, જે છેલ્લા ૧૨ વર્ષમાં સૌથી ઓછો હતો. જ્યારે વર્ષ ૨૦૨૫માં અસામાન્ય રીતે ભારે વરસાદ નોંધાતા જૂન મહિનામાં જ સામાન્ય વરસાદના ૪૨ ટકા કરતાં વધુ વરસાદ વરસી ગયો હતો. ચાલુ વર્ષ ૨૦૨૬માં સમગ્ર જૂન મહિનાનો વરસાદ માત્ર ૮૬ મી.મી. સુધી જ સીમિત રહ્યો. પરિણામે છેલ્લા ૧૨ વર્ષના આંકડાઓમાં ૨૦૨૬ સૌથી ઓછા વરસાદ ધરાવતા વર્ષોમાં સામેલ થયું છે.

**છેલ્લા ૧૨ વર્ષમાં જૂન મહિનાનો વરસાદ**

| વર્ષ | વરસાદ (મીમી) | ટકાવારી |
|---|---|---|
| 2026 | 86.0 | 5.67 |
| 2025 | 610.0 | 42.25 |
| 2024 | 254.9 | 17.42 |
| 2023 | 301.0 | 20.58 |
| 2022 | 228.0 | 15.61 |
| 2021 | 308.0 | 21.47 |
| 2020 | 151.0 | 10.77 |
| 2019 | 233.0 | 17.24 |
| 2018 | 170.0 | 12.22 |
| 2017 | 303.0 | 22.15 |
| 2016 | 62.0 | 4.49 |
| 2015 | 311.0 | 22.99 |

# સુમુલ ડેરીની સોનગઢ બેઠક પરથી વધુ એક ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યું

**સોનગઢ બેઠક પર ભાજપ,કોંગ્રેસ અને આપના ઉમેદવાર વચ્ચે ત્રિકોણીય જંગ ખેલાશે**

**અગાઉ આ બેઠક પર ભાજપ અને આપના ઉમેદવારને સરખા મતો મળતાં ચિઠ્ઠી ઉછાળવામાં આવી હતી**

સુરતઃ સુમુલ ડેરીની સોનગઢ બેઠકના સ્વતંત્ર ઉમેદવાર રાકેશ બાબુભાઈ ગામિતે આજે ચૂંટણી અધિકારી સમક્ષ ફોર્મ પરત ખેંચી લીધું છે. આ બેઠક પર ભાજપના સિટિંગ ડિરેક્ટર કાંતિભાઈ ગામિત ફરી મેદાને છે.

અહીં કોંગ્રેસના દિનેશ નારણ ગામિત,આમ આદમી પાર્ટીના અરવિંદ ગામિત,અને સ્વતંત્ર ઉમેદવાર મકનજી ઉકડીયાભાઈ ગામિત મેદાનમાં છે.

વર્ષ 2020ની ચૂંટણીમાં આ બેઠક પર ભાજપના કાંતિભાઈ ગામિત અને હાલ આપના અરવિંદ ગામીતને 58/58 મત મળતા ચૂંટણી ટાઈ થઈ હતી. ચૂંટણી અધિકારીએ ચિઠ્ઠી ઉછાળી નિર્ણય લેતા કાંતિભાઈ ગામિત વિજેતા જાહેર થયા હતા. 2020 થી 2026 દરમિયાન આ બેઠક પર 55 મત નવા ઉમેરાયા છે.

કોંગ્રેસે અહીં દિનેશ નારણ ગામિતને મેદાને ઉતરી મુકાબલો રોચક કર્યો છે. 2026ની ચૂંટણીમાં અહીં ત્રિકોણીય જંગ જોવા મળશે. સુમુલ ડેરીના 24 વર્ષ ડિરેક્ટર રહેલા જયેશભાઈ પટેલ (દેલાડ) ના સમયગાળામાં કેટલીક મંડળીઓ બની હોવાથી તેમના વિપક્ષી વલણને પગલે ત્રણથી ચાર બેઠક સ્પર્ધામાં આવી છે. એમાં સોનગઢ બેઠકનો પણ સમાવેશ થાય છે. જેને કારણે પણ આ બેઠકનો જંગ રોચક હશે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉમેદવારોએ જીવનસાથીની મિલકતો જાહેર કરવી પડશે

**નિયમોમાં ક્યાંય એવું લખ્યું નથી કે જીવનસાથીની મિલકતો જાહેર કરવાની નથીઃ સુપ્રીમ કોર્ટ**

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે બુધવારે એક મહત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું છે કે ગુજરાતમાં નગરપાલિકા કે મહાનગરપાલિકાની ચૂંટણી લડતા ઉમેદવારોએ ચૂંટણી એફિડેવિટમાં માત્ર પોતાની જ નહીં, પરંતુ તેમના પતિ કે પત્નીના નામે રહેલી મિલકતોની વિગતો પણ ફરજિયાતપણે જાહેર કરવી પડશે. આ સાથે જ સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ મેજિસ્ટ્રેટ ગુનાની નોંધ લેતી વખતે ભૂલથી ખોટી કાનૂની કલમ ટાંકી દે, તો તે સુધારી શકાય તેવી ખામી છે. માત્ર કલમની ભૂલના કારણે આખી ફોજદારી કાર્યવાહી આપોઆપ રદબાતલ ગણી શકાય નહીં.

જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ એન.કે. સિંહની બેન્ચે ગુજરાતના એક પૂર્વ મહિલા કાઉન્સિલર ચંદ્રિકાબેન કિશોરભાઈ ડાફડાની અપીલ પર આંશિક રાહત આપતો આ આદેશ કર્યો હતો. ચંદ્રિકાબેને ૨૦૧૫ની ગુજરાત નગરપાલિકા ચૂંટણીના ઉમેદવારી પત્રમાં તેમના પતિના નામે રહેલી કેટલીક સ્થાવર મિલકતો (જમીનના ટુકડા) છુપાવી હોવાનો આક્ષેપ કરતી ખાનગી ફરિયાદ નોંધાઈ હતી. મેજિસ્ટ્રેટ કોર્ટે ૨૦૧૭માં આ મામલે તેમની સામે સમન્સ જાહેર કર્યા હતા, જેની સામેની અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી.

અપીલકર્તાની એવી દલીલ હતી કે નિયમો મુજબ માત્ર સંયુક્ત માલિકીની મિલકતો જ જાહેર કરવાની હોય છે, સ્વતંત્ર માલિકીની નહીં. સુપ્રીમ કોર્ટે 'ગુજરાત મ્યુનિસિપાલિટીઝ (કંડક્ટ ઓફ ઇલેક્શન્સ) રૂલ્સ, ૧૯૯૪ (૨૦૦૫ના સુધારા સાથે)' નો હવાલો આપીને આ દલીલ નકારી કાઢી હતી. કોર્ટે કહ્યું કે નિયમોમાં ક્યાંય એવું નથી લખ્યું કે જીવનસાથીની વ્યક્તિગત મિલકત જાહેર નથી કરવાની. ઉમેદવારે પોતાની, જીવનસાથીની અને આશ્રિતોની તમામ મિલકતોની વિગતો આપવી જ પડશે. નીચલી અદાલતે આ કેસમાં 'રિપ્રેઝન્ટેશન ઓફ ધ પીપલ એક્ટ' ની કલમ ૧૨૫-એ હેઠળ ગુનાની નોંધ લીધી હતી. સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યું કે RPA માત્ર સંસદ અને વિધાનસભાની ચૂંટણીઓને લાગુ પડે છે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને નહીં. તેથી કલમ ૧૨૫-એ હેઠળની કાર્યવાહી ખોટી હતી.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### નાસીરનગર...

સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરી છે. આ અરજી પર હાઈકોર્ટમાં અત્યાર સુધી બે વખત સુનાવણી થઈ ચૂકી છે અને આવતીકાલે વધુ સુનાવણી હાથ ધરાશે. અરજદારો દ્વારા સુરત મહાનગરપાલિકા કમિશનર સહિત સંબંધિત અધિકારીઓને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. અગાઉની સુનાવણી દરમિયાન મનપા તરફથી એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ હાઈકોર્ટમાં રજૂઆત કરતાં જણાવ્યું હતું કે ડિમોલીશન માટે મનપા દ્વારા કોઈ સત્તાવાર આદેશ કે લેખિત સૂચના આપવામાં આવી નહોતી. સાથે જ, સમગ્ર ઘટનામાં અધિકારીઓની જવાબદારી નક્કી કરવા માટે રચાયેલી તપાસ સમિતિના અહેવાલના આધારે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે અને તેની જાણ હાઈકોર્ટને કરવામાં આવશે તેવી બાંહેધરી પણ આપવામાં આવી હતી.

આ સંદર્ભમાં મનપાએ તપાસ સમિતિના વચગાળાના અહેવાલના આધારે વિભાગીય તપાસ શરૂ કરી છે. તેની સાથે પાંચ અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. મનપા દ્વારા લેવાયેલા આ એક્શન ટેકન રિપોર્ટને આવતીકાલે હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### તપાસ સમિતિની...

એપ્લિકેશનમાં પક્ષકાર બનાવાયેલા બે કાર્યપાલક ઇજનેરો સહિત સાત અધિકારી-કર્મચારીઓના નિવેદનો નોંધાયા છતાં તપાસ સમિતિ કોઈ ચોક્કસ તારણ પર પહોંચી શકી નહોતી. ઉપલબ્ધ માહિતી અપૂરતી હોવાનું જણાતા સમિતિએ સમગ્ર પ્રકરણમાં વધુ નિષ્પક્ષ, ઊંડાણપૂર્વક અને તલસ્પર્શી વિભાગીય તપાસ કરવાની સર્વાનુમતે ભલામણ કરી છે. મંગળવારે રાત્રે લગભગ 11 વાગ્યા સુધી તપાસ સમિતિની બેઠક ચાલી હતી. ત્યારબાદ તૈયાર કરાયેલ વચગાળાનો અહેવાલ મનપા કમિશનરને સુપરત કરવામાં આવ્યો હતો. હવે વિભાગીય તપાસના અંતિમ અહેવાલ પર સ્પેન્ડ થયેલા અધિકારીઓ દોષિત છે કે નહી તે નક્કી થશે.

### બે-બે કાર્યપાલક...

આરડીડી વિભાગનો હવાલો વરાછા ઝોનના કાર્યપાલક ઈજનેર મૌલિક રાવને સોંપવામાં આવ્યો હતો.

### દક્ષિણ ગુજરાતમાં...

વરસાદી માહોલ જામ્યો છે. બુધવારે સાંજે 6 વાગ્યા સુધી રાજ્યના 85 તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો હતો, જ્યારે આગામી 2થી 8 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી સાથે રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. બીજી તરફ વરસાદી માહોલને કારણે આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં 2થી 4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ દક્ષિણ પશ્ચિમ ચોમાસું ઉત્તર અરબી સમુદ્ર, ગુજરાતના વધુ ભાગો તેમજ દમણ અને દીવમાં આગળ વધી ચૂક્યું છે, જેના કારણે આગામી દિવસોમાં હજુ પણ ભારે વરસાદની સંભાવના છે.

ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ આજે સાંજે 6 વાગ્યા સુધી રાજ્યના 85 તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ જૂનાગઢના ભેસાણમાં 4.21 ઈંચ વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ જૂનાગઢના માળિયા હાટીનામાં 3.58 ઈંચ, રાજકોટના લોધિકામાં 3.03 ઈંચ, છોટાઉદેપુરના કવાંટમાં 2.20 ઈંચ, અમરેલીના બગસરામાં 2.01 ઈંચ, રાજકોટના જામકંડોરણા અને અમરેલીના રાજુલામાં 1.77-1.77 ઈંચ, જૂનાગઢ અને જૂનાગઢ સિટીમાં 1.73-1.73 ઈંચ, અમરેલીમાં 1.46 ઈંચ, ગીર સોમનાથના પાટણ-વેરાવળ અને પંચમહાલના કાલોલમાં 1.42-1.42 ઈંચ, અમદાવાદના ધંધુકા, રાજકોટના ધોરાજી અને અમરેલીના કુંકાવાવ-વડિયામાં 1.18-1.18 ઈંચ, જૂનાગઢના વંથલીમાં 1.14 ઈંચ, છોટાઉદેપુરના નસવાડીમાં 1.10 ઈંચ, ગીર સોમનાથના સૂત્રાપાડા અને રાજકોટના જેતપુરમાં 1.06-1.06 ઈંચ, જ્યારે છોટાઉદેપુરના સંખેડામાં 0.98 ઈંચ વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન 75 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં અમરેલીના સાવરકુંડલામાં 3.11 ઈંચ, ખેડાના વસોમાં 1.85 ઈંચ, ગીર સોમનાથના ઉનામાં 1.34 ઈંચ અને સુરેન્દ્રનગરના લખતરમાં આશરે 1 ઈંચ વરસાદ નોંધાયો હતો.

આગામી બે દિવસ દરમિયાન ચોમાસું ગુજરાત સહિત ઉત્તર અને પશ્ચિમ ભારતના વધુ વિસ્તારોમાં આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. ઉત્તર બંગાળની ખાડી ઉપર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે અને તેના પ્રભાવ હેઠળ 3 જુલાઈ આસપાસ ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડીમાં લો-પ્રેશર વિસ્તાર સર્જાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ઉપરાંત દક્ષિણ ગુજરાતથી કર્ણાટક સુધી ઓફશોર ટ્રફ પણ સક્રિય છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદ તેમજ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા વ્યક્ત કરતાં નદીકાંઠા અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવાની અપીલ કરી છે. સાથે જ આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં 2થી 4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે.

### અતિભારે વરસાદ...

વરસાદ પહેલાં સરકારી ઇમારતોની અગાશીની સફાઈ સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. બેઠકમાં આપત્તિના સમયે NDRF, SDRF, હોમગાર્ડ, GRD, TRB અને સ્થાનિક વહીવટી તંત્ર વચ્ચે અસરકારક સંકલનથી કામગીરી કરવા પર ભાર મૂકાયો હતો. રાજ્યના તમામ જિલ્લા પોલીસ વડાઓને SDRF પ્લાટૂન કમાન્ડરો સાથે સંકલન બેઠક યોજી સાધનો, સંચાર વ્યવસ્થા અને બચાવ યોજનાની સમીક્ષા કરવા જણાવાયું છે. વરસાદ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જરૂર પડ્યે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી શકાય તે માટે પોલીસ દળને સજ્જ રાખવાની સાથે જવાનોને પૂર અને અન્ય કુદરતી આપત્તિ દરમિયાન રેસ્ક્યૂ કામગીરી તથા રસ્તાઓ પર પડેલા વૃક્ષો અને અવરોધો દૂર કરવાની વિશેષ તાલીમ પણ આપવામાં આવી છે. રાજ્યભરમાં તાલીમબદ્ધ 'આપદા મિત્ર' તેમજ NSS અને NCCના 'યુવા આપદા મિત્ર'નો પણ જરૂરિયાત સમયે ઉપયોગ કરી શકાય તે માટે તેમની વિગતો જિલ્લા કંટ્રોલ રૂમમાં ઉપલબ્ધ રાખવા સૂચના આપવામાં આવી છે. ઉપરાંત, તમામ પોલીસ સ્ટેશન, પોલીસ ચોકી અને સરકારી કચેરીઓમાં વરસાદ પહેલાં અગાશીની સફાઈ અને પ્રથમ વરસાદ બાદ ફરી નિરીક્ષણ કરીને તેનો અહેવાલ મોકલવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

### સુરત જિલ્લામાં...

વરસાદી માહોલ વચ્ચે સુરત શહેરના તાપમાનમાં સામાન્ય વધારો નોંધાયો હતો. શહેરનું મહત્તમ તાપમાન 32.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જે ગઈકાલ કરતાં અંદાજે એક ડિગ્રી વધુ હતું. લઘુતમ તાપમાન 25.2 ડિગ્રી યથાવત રહ્યું હતું. શહેરમાં દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન પ્રતિ કલાક 6 કિલોમીટરની ઝડપે ફૂંકાયો હતો.

### વરસાદ અટક્યો...

નીકળતાં મુસાફરોને અન્ય બસમાં રવાના કરવામાં આવ્યા હતા.

બીજી તરફ, લિંબાયત ગરનાળા તરફ જતાં રસ્તા પર વહેલી સવારે માસૂમ વિદ્યાર્થીઓને લઈને શાળાએ જઈ રહેલી એક સ્કૂલ વાન પણ આવા જ એક ઊંડા ખાડામાં ખાબકતાં અફરાતફરી થઈ હતી. વાન એકાએક ખાડામાં પટકાતાં તેમાં સવાર વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ પ્રસરી ગયો હતો અને તેમના જીવ તાળવે ચોંટ્યા હતા, જોકે સદનસીબે ઘટના સ્થળે હાજર સ્થાનિક લોકોએ તત્પરતા દાખવી તાત્કાલિક તમામ વિદ્યાર્થીઓને સહી-સલામત બહાર કાઢી લીધા હતા અને ત્યારબાદ વાનને પણ ખાડામાંથી બહાર કઢાઈ હતી. એક જ દિવસમાં બનેલી આ બંને દુર્ઘટનાઓને પગલે મનપાના ઉચ્ચ અધિકારીઓ દોડતા થઈ ગયા હતા. લાખો-કરોડો રૂપિયાના આંધણ છતાં રસ્તાઓની નબળી ગુણવત્તા અને પ્રિ-મોન્સૂન આયોજનના નામે થયેલી વેઠ અંગે મહાનગરપાલિકાના તંત્રની ભારે ફજેતી થઈ છે અને તેઓ વધુ એક વખત વામણા પુરવાર થયા છે. સ્માર્ટ સિટીના નામે શહેરીજનોના જીવ જોખમમાં મૂકનાર જવાબદાર ભ્રષ્ટ અધિકારીઓ અને બેદરકાર કોન્ટ્રાક્ટરો વિરૂદ્ધ મનપા તંત્ર દ્વારા સખ્ત અને દંડાત્મક પગલાં ભરવામાં આવે તેવી ઉગ્ર માંગ હવે જનતામાં ઉઠવા પામી છે.

### રિપેરિંગ બાદ...

દરમિયાન ટ્રેન્ચ બેસી જવાની શક્યતા ધ્યાનમાં રાખીને કોન્ટ્રાક્ટરોને અગાઉથી જ જરૂરી મટીરિયલનો જથ્થો, બેરિકેડિંગ, મશીનરી અને નિયમિત સ્થળ નિરીક્ષણની સૂચનાઓ આપવામાં આવી હતી. તેમ છતાં અનેક સ્થળોએ ટ્રેન્ચ ફરી બેસી જતા ઝોન કચેરીઓને તાત્કાલિક સમારકામ કરવું પડ્યું હતું. મનપાએ સ્પષ્ટ કર્યું છે કે કોન્ટ્રાક્ટર દ્વારા રિપેરિંગ કર્યા બાદ પણ એ જ સ્થળે ટ્રેન્ચ બેસી જાય અને ઝોનને ફરી સમારકામ કરવું પડે તો તેનો સમગ્ર ખર્ચ સંબંધિત કોન્ટ્રાક્ટર પાસેથી વસૂલવામાં આવશે. સાથે જ નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહેનારા ઈજારદારો સામે પેનલ્ટી ઉપરાંત નિયમ મુજબની કડક કાર્યવાહી પણ કરવામાં આવશે.

### દ.ગુ.માં...

વર્લ્ડ ટ્રેડ સેન્ટર મોલની કંપાઉન્ડ વોલ મોડી રાત્રે બાજુના મકાન પર ધરાશાયી થઈ હતી. આ ભયાનક દુર્ઘટનામાં કાટમાળ નીચે દબાવાથી અશ્વિન વસાવા (ઉં.વ.૪૫) અને તેમના પુત્ર આશિષ (ઉં.વ.૨૧) નું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે પત્ની અને માતા ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં હોસ્પિટલ ખસેડાયા છે. બારડોલીમાં પણ સાંજે માત્ર બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ તૂટી પડતાં શામારિયા મોરા સહિતના નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થયા હતા. માંડવી પંથકમાં વરસેલો વરસાદ સુકાતાં પાક માટે 'સંજીવની' સાબિત થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છે.

### નર્મદ યુનિવર્સિટીમાં...

અભ્યાસક્રમ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ માટે વકીલાત, ન્યાયતંત્ર, કોર્પોરેટ કાનૂની સલાહકાર, બેંકિંગ, નાણાકીય સંસ્થાઓ તેમજ સરકારી અને ખાનગી ક્ષેત્રમાં કારકિર્દીની અનેક તકો ઉપલબ્ધ બનશે. યુનિવર્સિટીના કાયદા વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના પ્રાયોગિક જ્ઞાન અને વ્યક્તિત્વ વિકાસને પ્રાધાન્ય આપવામાં આવશે. તેના ભાગરૂપે મૂટ કોર્ટ, સેમિનાર, વર્કશોપ અને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરીને વિદ્યાર્થીઓને વ્યવહારુ કાનૂની તાલીમ આપવામાં આવશે, જેથી તેઓ અભ્યાસ પૂર્ણ થયા બાદ સ્પર્ધાત્મક ક્ષેત્રમાં વધુ સક્ષમ બની શકે.